૫૦૨/૩,૨૨૪

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા (પૂર્વ કસોટી - ૭ જૂન, ૨૦૦૯)**

(સમય : બપોરે ૨ : ૦૦ થી ૪ : ૧૫) **સત્સંગ પરિચય - ૨**

**નોંધ : પ્રશ્ન પછી આપેલા અંકો તે પ્રશ્નના જવાબના પાના નંબર દર્શાવે છે.** (કુલ ગુણ : ૭૫)

## વિભાગ-૧ : કિશોર સત્સંગ પરિચય - નવમી આવૃત્તિ, એપ્રિલ - ૨૦૦૬

**પ્ર.૧ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''બીજે જન્મે સત્સંગમાં દેહ ધરશે.'' (૩૫)

૨. ''ભક્તને ભગવાનમાં કેવી પ્રીતિ હોય ?'' (૧૧)

૩. ''કોણ આવ્યું'તું ? શું થયું ? કાંઈ માંડીને વાત તો કરો.'' (૬૯)

**પ્ર.૨ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. જૂનાગઢ મંદિરના કાર્યમાંથી વિઘ્નો દૂર થયાં. (૨૪)

૨. વિષ્ણુદાસ પર શ્રીજીમહારાજ અખંડ પ્રસન્ન રહેતા. (૪૩)

૩. પ્રધાનપુત્રે રાજકુમારના ગળે છેકો માર્યો છતાં રાજકુમારે પ્રધાનપુત્રને કાંઈ પૂછ્યું નહિ. (૧૪)

**પ્ર.૩** ''ધર્મ'' (૮૫) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મૂર્તિમાં સાક્ષાત્ પરમેશ્વરનો આવિર્ભાવ ક્યારે થાય છે ? (૧૨)

૨. શ્રીજીમહારાજે કોનો ગર્વ ઓગાળ્યો ? (૫૬)

૩. શ્રીજીમહારાજે પોતાના આશ્રિત ભક્તોને કયા પાંચ દેવતાઓને પૂજ્યપણે માનવા આજ્ઞા કરી છે ? (૧)

૪. હિમરાજ શાહના કારજ વખતે ગોંસાઈજીએ શું સંદેશો મોકલાવ્યો ? (૪૬)

૫. અંતરીક્ષમાંનો અવાજ સાંભળી શિવરામે શું કહ્યું ? (૧૯)

**પ્ર.૫** ''આપણે તપાસ કરવો...'' (૭૮) - **'સ્વામીની વાત' પૂરી કરી તેનું નિરૂપણ લખો.** [૫]

**પ્ર.૬ નીચે આપેલાં કીર્તન / અષ્ટક / શ્લોક વગેરે માંગ્યા મુજબ પૂર્ણ કરો.** [૮]

૧. જરકસીઓ જામો ....... મારે ભાવતા રે. (૭૫)

૨. ષડક્ષરો છે ષટ્શાસ્ત્ર ....... અંતર શુદ્ધ થાય. (૧૪)

૩. પાવન યશ ને રે ....... નેણાં વારંવાર (૬૩)

૪. बहिरीक्षणलोकमानुषं ...... भजे सदा ॥ - શ્લોકનું ગુજરાતી ભાષાંતર કરો. (૩૨)

## વિભાગ-૨ : પ્રાગજી ભક્ત - દસમી આવૃત્તિ, ડિસેમ્બર - ૨૦૦૮

**પ્ર.૭ નીચે આપેલાં અવતરણો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો.** [૯]

૧. ''તું જૂનેગઢ જજે.'' (૫)

૨. ''મહારાજને પ્રાર્થના કરો. સારું થઈ જશે.'' (૫૮)

૩. ''સ્વામીની કૃપાથી શ્રીજીમહારાજની મૂર્તિનું અખંડ સુખ હું લઉં છું.'' (૩૬)

**પ્ર.૮ નીચે આપેલાં વાક્યોનાં કારણો જણાવો. (બે થી ત્રણ લીટીમાં જ)** [૬]

૧. ગુણાતીતાનંદ સ્વામી ચંદની જોઈ રોઈ પડ્યા. (૩૦)

૨. ગણપતભાઈ મહુવાથી ભરૂચ આવવા વહાણમાં જ નીકળ્યા. (૪૭)

૩. યોગાનંદ સ્વામીએ કહ્યું કે 'આ મહાન ભક્ત બનશે.' (૩)

**પ્ર.૯** ''ગઢડામાં જળઝીલણીનો સમૈયો'' (૪૮) - **પ્રસંગ ઉપર પંદર લીટીમાં ટૂંકનોંધ લખો. (વર્ણનાત્મક)** [૫]

**પ્ર.૧૦ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો.** [૫]

૧. મહુવાથી ગઢડા જતાં હરિભક્તોના સંઘને કઈ મુશ્કેલી નડી ? (૫૮)

૨. ભગવાન કે સંત શું જોતા નથી ? (૨૩)

૩. ગોપાળાનંદ સ્વામીએ બાળ પ્રાગજી માટે શું કહ્યું ? (૩)

૪. ભગતજી મહારાજ યજ્ઞપુરુષદાસ પ્રત્યે શું કહીને પક્ષપાત દાખવતા ? (૩૪)

૫. સાધુનો કસબ સિદ્ધ કરનાર કેવો સમર્થ બને છે ? (૧૭)

(પાછળ જુઓ)

---

સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ દ્વારા કરવામાં આવેલ પૂર્વ કસોટીના આ આયોજનમાં મેં જાતે વર્ગમાં (બેઠકખંડમાં) હાજરી આપીને પરીક્ષા આપી છે અને નીચેની વિગતો મેં સાચી ભરેલી છે તે આપ જાણશો.

પરીક્ષાર્થીની જન્મ તારીખ :- તારીખ [ ][ ] મહિનો [ ][ ] વર્ષ [ ][ ][ ][ ]

પરીક્ષા આપી તે તારીખ અને સમય :-

પરીક્ષાર્થીની સહી :-

**નોંધ :- ફક્ત વર્ગમાં હાજર રહેલા પરીક્ષાર્થીઓએ જ ભૂલ્યા વગર આ હાજરીસ્લીપ કાપીને, તેમાં માગ્યા મુજબની વિગતો ભરીને, તેમના કેન્દ્ર વ્યવસ્થાપકને પરત આપવાની છે. ફક્ત હાજર પરીક્ષાર્થીઓની જ સ્લીપો ભેગી કરીને, પૂર્વ કસોટીના અહેવાલમાં ભરીને, સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય - અમદાવાદ ખાતે પરત જમા કરાવવાની છે.** (અધૂરી વિગત ભરેલી હાજરીસ્લીપ માન્ય નહીં ગણાય)

**પ્ર.૧૧ આપેલા વિકલ્પોમાંથી ફક્ત સાચા વિકલ્પોની આગળ આપેલા ચોરસ ખાનામાં ખરાની (✔) નિશાની કરો.** [૬]

**નોંધ : એક કે એકથી વધારે વિકલ્પ સાચા હોઈ શકે. તમામ સાચા વિકલ્પ આગળ જ ખરાની નિશાની કરી હશે તો જ પૂર્ણ ગુણ મળશે, અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગતજી મહારાજના શિષ્ય સંતો કોણ હતા ? (૩૭)

(૧) ☐ કેશવપ્રસાદદાસ (૨) ☐ યજ્ઞપુરુષદાસ

(૩) ☐ બાલમુકુંદદાસ (૪) ☐ રામરતનદાસ

૨. ભગતજી મહારાજે નડિયાદમાં ઝવેરીલાલભાઈના ઘરે ભક્તોને શી વાતો કરી ? (૪૨)

(૧) ☐ શ્રીજીમહારાજના સર્વોપરી સ્વરૂપની (૨) ☐ સ્વામીના અક્ષરસ્વરૂપની

(૩) ☐ સત્પુરુષમાં જોડાવાની (૪) ☐ બ્રહ્મચર્ય પાળવાની

૩. ભગતજી મહારાજે આપેલું એકાંતનું સુખ.... (૪૦)

(૧) ☐ ચંદન સહિત ભેટ્યા (૨) ☐ ચરણારવિંદ આપ્યાં

(૩) ☐ રોટલા જમાડ્યા (૪) ☐ રંગોત્સવ કર્યો

**પ્ર.૧૨ નીચે આપેલાં ખોટાં વાક્યોને મથાળાના સંદર્ભમાં સાચાં લખો.** [૬]

**નોંધ : સંપૂર્ણ સાચું વાક્ય લખ્યું હશે તો જ ગુણ પ્રાપ્ત થશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. **જૂનાગઢમાં ગુણાતીતાનંદ સ્વામી પાસે :** નિત્યાનંદ સ્વામીનો વિરહ અસહ્ય લાગવાથી જાગા ભક્તને અશાંતિ રહેવા લાગી ત્યારે ધર્માનંદ બ્રહ્મચારી તેમને વરતાલમાં પુરુષોત્તમ સ્વામી પાસે લાવ્યા ત્યારે સ્વામીએ કહ્યું આ વનનો રાજા ક્યાંથી આવ્યો ? (૬)

૨. **અક્ષરપાત્રની વરણી :** ''સ્વામી ! હૈયામાં જ્ઞાન તો ઘણું ભર્યું છે, પણ કોઈ ઝીલનાર પાત્ર નથી.'' (૬)

૩. **ગુરુવચને ચૂરેચૂરા :** ''પ્રાગજી ! ચૂનાની ભઠ્ઠી કાઢવી છે તો પાંચસો પાવડા ને બસો ટોપલા તૈયાર કર.'' (૯)

૪. **ઉપાધિની શરૂઆત :** શામજી ભક્તે કહ્યું, 'સ્વામી, હવે તો આચાર્યમહારાજ પણ મને વિમુખ કરવા ધારે તોય બની શકે નહિ.'' (૨૫)

૫. **અડસઠ તીરથ સદ્‌ગુરુ ચરણમાં :** ''હું તો વાસણ ઉટકાવીશ ને ભગવાન આપીશ.'' (૧૫)

૬. **સત્સંગમાંથી વિમુખ :** શુકમુનિ સ્વામીએ કહ્યું, ''શામજી વિમુખ છે, પણ એના પૈસા અને ઘર ક્યાં વિમુખ છે ? માટે એનું સીધું લઈ લો.'' (૨૮)

**નોંધ :- ઉપરોક્ત તમામ પ્રશ્નોમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૫ જુલાઈ, ૨૦૦૯ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પુછાશે. અભ્યાસક્રમના પુસ્તકની છેલ્લી આવૃત્તિનો જ ઉપયોગ કરવો.**

❊ ❊ ❊